ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાબા... બીજો કોઈ પ્રશ્ન નથી... વાઈફ પૂછે છે... તમારા જેવા લાંબા ઘાટા વાળ... કેવી રીતે થાય...!!!

# બુધ સંક્રમણ નિહાળી જીજ્ઞાસુ નગરજનો રોમાંચિત

## સે. ૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર પર ખગોળ જીજ્ઞાસુઓ ઉમટી પડ્યા : આશરે દસ વર્ષ પછી સર્જાયેલ અલૌકિક ખગોળીયા ઘટના : બપોરે ૪.૩૦ વાગે ચાલુ થયેલ સંક્રમણ સાંજના ૬.૩૦ વાગ્યા સુધી ચાલ્યુ

ગાંધીનગર, તા. ૯

આજે અવકાશમાં સર્જાયેલ બુધ સંક્રમણની અનોખી ઘટનાને નિહાળવા નગરજનોમાં ભારે ઉત્સુકતા સર્જાઈ હતી. ગાંધીનગરના સે. ૨૩ ખાતે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે આ અલૌકિક ખગોળીયા ઘટનાને નિહાળવા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઘટનાને જોવા માટે સેન્ટર પર બાળકો સહિત નગરજનોએ મોટી સંખ્યામાં ઉમળકો દાખવ્યો હતો.

આશરે દસેક વર્ષ બાદ ફરી સર્જાયેલ અનોખી બુધ સંક્રમણની ઘટનાએ છેલ્લા કટેલાક દિવસથી શહેરમાં ભારે ઉત્સુકતા જગાવી હતી. દરેક શતાબ્દીમાં ૧૩ વાર સર્જાતી આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનવા વિજ્ઞાન તથા ખગોળપ્રેમી નગરજનો આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ સેન્ટર તરફથી બુધ સંક્રમણની ઘટનાને સમજાવતી ફિલ્મ તથા સ્લાઈડ શો નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઘટનાનો પ્રારંભ બરાબર ૪.૩૦ કલાકે થયો હતો અને સાંજના ૬.૩૦ વાગ્યા સુધી તે ચાલી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ઉમટેલા બાળકો અને નગરજનોએ ટેલિસ્કોપ દ્વારા આ ઘટનાને નિહાળી રોમાંચિત થયા હતા. આ પ્રક્રિયામાં સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા જીજ્ઞાસુઓને મદદરૂપ બન્યા હતા. ઘટનામાં બુધ ગ્રહ સૂર્ય આગળથી કાળા ટપકાં સ્વરૂપે પૂર્વથી પશ્ચિમ દિશા તરફ ખસતો સર્વેએ નિહાળ્યો હતો. આ પ્રસંગે ખગોળતજજ્ઞ વી.કે. પટેલે પણ ઉપસ્થિત જીજ્ઞાસુ વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા. આશરે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૩૦૦ જેટલા નગરજનોએ બુધ સંક્રમણ નિહાળવાનો આનંદ માણ્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાની જહેમત નોંધપાત્ર રહી હતી.



## ભૂતપૂર્વ મંત્રી સ્વર્ગસ્થ દોલતભાઈ પરમારને રાજ્યપાલશ્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ભૂતપૂર્વ મંત્રી શ્રી દોલતભાઈ પરમારના નિધન પર દુઃખદ વ્યક્ત કર્યું છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ શ્રી દોલતભાઈ પરમાર જનહિતના કાર્યોમાં જીવનપર્યંત સક્રિય રહ્યા હતા. ઈશ્વર દિવંગતના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે અને તેમના શોક સંતપ્ત પરિવારજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ આપે, તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.



### અકસ્માતમાં 'ઘાયલ' સાયકલની દુર્દશા

શહેરનું જીવન એટલે સતત દોડતું રહેતુ અને હરપળ નવી ઘટનાઓ સાથે જીવતું જીવન અહીં કોઈને 'ઘટી ચુકેલી' ઘટના સાથે કોઈ સંબંધ નથી હોતો પરંતુ 'ઘટી રહેલી' ઘટનાઓનું જ મહ્ત્વ હોય છે થોડાક દિવસ પહેલા ઘ-૧ બસ સ્ટેન્ડ નજીક એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક સાઈકલ ચાલક બાળક કોઈ વાહનની હડફેટમાં આવી જતા ઈજાગ્રસ્ત થયો હતો જેને ઘટના સ્થળે મોજુદ નગરજનોએ તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી સારવાર અપાવી હતી.પરંતુ આ અકસ્માતમાં તે બાળકની સાયકલને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ગંભીર ઈજાઓના કારણે સાયકલ કોઈ ખપમાં આવી શકે તેમ ના હોવાથી તેના ભંગારને લેવા પણ કોઈ આવ્યું નહી. આ ઘટનાને અનેક દિવસો વિતવા છતા હજુ પણ આ સાયકલ ઘ-૧ ના બસ સ્ટેન્ડ નજીક જેમની તેમ પડી છે. અહીંથી દરરોજ હજારોની સંખ્યામાં મુસાફર આવન જાવન કરે છે પરંતુ કોઈને પણ આ સાયકલ સામે જોવાની પણ હવે ફૂરસદ નથી...!!! (તસવીર : કશ્યપ નિમાવત)

# સિવિલ હોસ્પિટલના ખાનગી એજન્સીના નર્સિંગ સ્ટાફે પગારમાં ઘટાડો થતાં ઉચ્ચકક્ષાએ રજુઆત કરી

## નર્સમાં ફરજ બજાવતા ૧૩૦ જેટલા કર્મચારીઓ આંદોલનના મુડમાં

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક પછી એક વિવાદ સામે આવી રહ્યા છે. હોસ્પિટલના સતાધિશો એક સાંધે ત્યારે તેર તુટે તેવો ઘાટ ઘડાયો છે. ત્યારે ખાનગી એજન્સીની મનમાની સામે હોસ્પિટલના ખાનગી કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો છે. હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતા ૧૩૦ જેટલા કર્મચારીઓના પગારમાં રૂ.૨૦૦૦ થી વધુ ઘટાડો કરવામાં આવતા કર્મચારીઓએ મુખ્યમંત્રી, આરોગ્ય વિભાગ અને સિવિલ સતાધિશો સુધી લેખીત રજુઆત કરી છે. જયારે કર્મચારીઓના પગારનો પ્રશ્ન ટુંક સમયમાં યોગ્ય નિરાકરણ નહી આવે તો ઉગ્ર આંદોલનના મુડમાં કર્મચારીઓ જણાયા છે.

સિવિલ હોસ્પિટલમાં અત્યારે હાલ વિવિધ વોર્ડમાં નર્સિંગનો અભ્યાસ કરેલા અને ડિગ્રી મેળવેલા ૧૩૦ જેટલા કર્મચારીઓ ખાનગી એજન્સી માં કામ કરે છે. આ કર્મચારીઓને પહેલા રૂ.૧૩૫૦૦ રેડક્રોસ દ્વારા ચુકવવામાં આવતો હતા. કારમી મોંગવારીમાં આટલો પગારથી પણ પોતાના પરિવારનું ભરણપોષણ ના થતા કર્મચારીઓએ પગાર વધારાની વાત સિવિલ સુપ્રિરીટેન્ડન્ટ ડો. બિપીન નાયકને કરી હતી ત્યારે તેમણે આગામી નવા કોન્ટ્રાકટમાં તેઓનો પગાર વધશે તેવી હૈયાધારણા આપી હતી . પરંતુ ત્યારબાદ તા.૧ એપ્રીલ ૨૦૧૬ થી રાજદીપમાં ગયેલા તમામ ૧૩૦ નર્સિંગના કર્મચારીઓના પગાર વધવાની જગ્યાએ તોંતિગ ઘટાડો થયો છે. ખાનગી કર્મચારીઓને રૂ.૧૩૫૦૦ ની જગ્યાએ માત્રને માત્ર રૂ.૧૧.૦૮૪ આપવામાં આવે છે. જયારે કર્મચારીઓના જણાવ્યા પ્રમાણે તેઓનો ઓન પેપર પગાર રૂ.૧૬૯૯૯ છે. પીએફની રકમ ૧૨ ટકા બાદ કરવામાં આવે તો પણ કર્મચારીઓને રૂ. ૧૫૦૦૦ મળવા પાત્ર છે તેવું જણાવી રહ્યા છે. પગાર વધારાની માંગ લઈ ખાનગી કર્મચારીઓએ મુખ્યમંત્રી, આરોગ્ય વિભાગ, ભાજપ પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રુપાણી, તેમજ સિવિલના સત્તાધિશોને લેખીત જાણ કરવામાં આવી છે. જો ટુંક સમયમાં પગાર વધારાને લઈ યોગ્ય નિર્ણય નહી આવે તો કર્મચારીઓ ઉગ્ર આંદોલનના મુડમાં જણાય છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સીટીસ્કેન, સોનોગ્રાફી, એકસ-રે વિભાગમાં ફરજ બજાવતા ૧૨ જેટાલ કર્મચારીઓને પગારને લઈ તગેડી મુકવામાં આવ્યા છે ત્યારે હવે જોવું રહ્યુ કે આ કર્મચારીઓને પોતાનો હક મળે છે કે તેઓની હાલત પણ અન્ય કર્મચારીઓ જેવી થશે તે આગામી સમયમાં જોવું રહ્યું ....?

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનોએ સંભાળેલા કાર્યભારની મુદત દર્શાવતા બોર્ડમાં અસંખ્ય ભૂલો જોવા મળે છે. જેમાં ચેરમેન તરીકે સેવાઓ આપનાર ઉષાબેન પટેલનું નામ પણ લખાયેલું છે તેમાં પણ ભૂલો છે.

● ગાંધીનગર મનપામાં હોદ્દો નવ નિયુક્ત પદાધિકારીઓએ સંભાળ્યો ત્યારે કાર્યકરોને આઈસક્રીમ ખવડાવી ગરમીમાં રાહત અપાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખના કાર્યાલય સામે બનાવાયેલ વિપક્ષી નેતાની ચેમ્બર હવે ઉપરના માળે ખસેડાઈ છે અને નવી કેબિન લાંબી બનાવી ટુંકી કરાઈ છે.

● સચિવાલય સહકારી ઉપાહાર ગૃહની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીને લઈ કર્મચારી આલમમાં તરેહતરેહની ચર્ચાઓ થઈ રહી છે. મતદાર યાદીથી લઈ પ્રશ્નોની વણઝારે કર્મચારી આલમમાં ભારે ચર્ચાઓ જગાવી છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો વધતાં પાણી અને વીજળીની માંગમાં ભારે વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં નવા નિમાયેલા અધિકારીઓ આ સપ્તાહના અંત બાદ નવા હોદ્દા સંભાળશે તેમ મનાઈ રહ્યું છે.

● પંચાયતના ક્ષેત્રીય કર્મચારીઓની ફરજના સ્થળે હાજરીની ચકાસણી માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી હોવાની વાતોએ પંચાયતનું વાતાવરણ ગરમાવ્યું છે.

## પૂર્વમંત્રી સ્વર્ગસ્થ દોલતભાઈ પરમારને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પૂર્વમંત્રી અને બનાસકાંઠા જિલ્લાના અગ્રણી સ્વ.શ્રી દોલતભાઈ પરમારના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ દોલતભાઈને જાગૃતિક જનપ્રતિનિધિ તરીકે લોકપ્રશ્નોને વાચા આપવામાં આપેલા યોગદાનની પ્રસંશા કરતા સ્વર્ગસ્થના આત્માની પરમશાંતિ માટે પ્રાર્થના કરી છે.

## ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડની ગાંધીનગર સ્થિત નવીન કચેરીનું મુખ્યમંત્રીના હસ્તે આજે લોકાર્પણ

ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ગાંધીનગરની નવનિર્મિત કચેરીનું આજે ૧૦-૦૫-૨૦૧૬ના રોજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે લોકાર્પણ કરાશે. ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં કૃષિ-સહકાર મંત્રી બાબુભાઈ બોખિરીયા અને પંચાયત રાજ્યમંત્રી જયંતીભાઈ કવાડિયા, કૃષિ રાજ્યમંત્રી જશાભાઈ બારડ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

# વન વિભાગે ૧૦ સેવાઓનો ઈ-સર્વિસિઝમાં સમાવેશ કર્યો

ગાંધીનગર, તા. ૯

વન વિભાગ દ્વારા આપવામાં આવતી સેવાઓ પૈકી દસ સેવાઓનો ઈ-સર્વિસીઝ અંતર્ગત સમાવેશ કરવામાં આવતા હવે લાભાર્થીઓ ઘર બેઠા ઓનલાઈન અરજી કરી આ સેવાઓનો લાભ મેળવી શકશે.

આ અંગેની વિગતો પત્રકારોને આપતા રાજ્યના વનમંત્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે ઈ-સર્વિસીઝ અંતર્ગત ખેતી વનીકરણ, વિકેન્દ્રીત પ્રજાનર્સરી, વન મહોત્સવ હેઠળ રોપવિતરણ, સ્મશાન સગડી, વન્યપ્રાણી દ્વારા માલ ઢોરના મારણ થતા વળતર મેળવવા માટેનું અરજી પત્રક, રક્ષિત વિસ્તારમાં ફિલ્મ શુંટીંગ ફોટોગ્રાફી માટે મંજુરી મેળવવાનું અરજી પત્રક, રક્ષિત વિસ્તારમાં રીસર્ચ કામગીરી માટે મંજુરી મેળવવા માટેનું અરજીપત્રક, ખુલ્લા કૂવા ફરતે પેરાપીટ દિવાલ બનાવવા માટેનું અરજીપત્રક, વન્યપ્રાણીઓથી થતુ પાકનું નુકશાન અટકાવવા ખેતર ફરતે કાંટાળા તારની વાડ બનાવવા માટેનું અરજીપત્રક, સો-મીલ લાયસન્સના રીન્યુઅલ માટેની સેવાઓને ઈ-સર્વિસીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

રક્ષિત વિસ્તારમાં રીસર્ચ માટે મંજુરી મેળવવા વન વિભાગને ૧૫ થી ૨૦ મંજુરી મળી છે જ્યારે ફિલ્મ શુંટીંગ માટે ત્રણથી ચાર અરજીઓ મળી છે. ફિલ્મ શૂટીંગ માટે દરરોજના રૂ. ૧૦ હજાર ફી નીયત કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતુ કે વન્યપ્રાણીઓથી થતુ પાકનું નુકશાન અટકાવવા ખેતર ફરતે તારની વાડ બનાવવા માટેની કુલ ૨૦ હજાર અરજીઓ પડતર છે. જ્યારે પેરાફીટ માટે ૪ થી ૫ હજાર કૂવાઓ ગીર પંથકમાં આવેલ છે અને અન્ય વિસ્તારોમાં ૧૫ થી ૨૦ હજાર કૂવાઓ આવેલા હોઈ આ માટે રૂ. ૫ કરોડની યોજના મંજુર કરી છે. રાજ્યમાં ૫૫૦૦ સો મીલો આવેલી છે.




સ્વામીનારાયણ મંદિર સે. ૨ ખાતે અખાત્રીજના દિવસે ભગવાનને ચંદન અને સુકા મેવાના વાઘાથી શણગારવામાં આવ્યા હતા. ૧૦ દિવસથી ૩૫ જેટલા સંતો અને યુવાનોએ ઘસીને ચંદન તૈયાર કર્યુ. ત્યારબાદ ભગવાનના વાઘા તૈયાર કરવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા સે. ૬ અંબિકાચોકના મંદિરે ભવ્ય શોભાયાત્રા તેમજ સુંદરકાન્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસ ચાલેલા આ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

# જિલ્લામાં ૨૩-૨૪મીના રોજ કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૬ના કાર્યક્રમનું આયોજન તા. ૨૩ અને ૨૪મી મે, ૨૦૧૬ દરમ્યાન કરવામાં આવશે. કૃષિ મહોત્સવના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા અમલીકરણ સમિતીની બેઠક જિલ્લા વિકાસ અધિકારી કૌશિક ભીમજીયાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

રાજયમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ્યકક્ષાએ આધુનિક કૃષિ પદ્ધતિઓ અને આધુનિક સંશોધનો, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તેવા ઉમદા આશયથી સમગ્ર રાજયમાં આજે અખાત્રીજના પવિત્ર દિવસેથી કૃષિ મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો છે. તા. ૩૧મી મે, ૨૦૧૬ સુધી રાજયમાં કૃષિ મહોત્સવ યોજાનાર છે. આ વખતે કૃષિ મહોત્સવના આયોજનમાં કૃષિ વિભાગ દ્વારા થોડોક બદલાવ લાવવામાં આવ્યો છે. જે અનુંસંધાને પાંચ કે તેથી ઓછા તાલુકા હોય ત્યાં એક કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાશે. તે ઉપરાંત પાંચથી વધુ અને દસ તાલુકા હોય તેવા જિલ્લામાં બે કૃષિ મહોત્સવના કાર્યક્રમ અને દસથી વધુ તાલુકા હોય ત્યાં કૃષિ મહોત્સવના ત્રણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ચાર તાલુકા હોવાથી બે દિવસીય એક કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવશે. જેમાં એક દિવસમાં બે તબક્કામાં કૃષિ મહોત્સવ યોજાશે. પ્રથમ તબક્કામાં એક તાલુકાના ખેડૂતો આવશે. પ્રથમ તબક્કાનો આરંભ સવારના ૮.૩૦ કલાકથી થશે. બપોરના ૧ કલાક સુધી ચાલશે. તેમજ બીજા તબક્કો બપોરના ૩.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક દરમ્યાન યોજાશે. આ બન્ને તબક્કામાં ખેડૂતોને કૃષિ, બાગાયત, પશુપાલન, સહકારની પ્રશ્નોત્તરી, સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો, પશુપાલકો, બાગાયતકારોના વિષયોક્ત અનુભાવોનું આદાન-પ્રદાન અને ખેડૂતોનોનું સન્માન કરવામાં આવશે. કૃષિ તજજ્ઞો દ્વારા પણ વિશે માહિતી આપવામાં આવશે. આ સાથે સાથે કૃષિ મહોત્સવના આયોજન સ્થળે અંદાજિત ૫૦ જેટલા કૃષિ સંલગ્ન સ્ટોલ રાખવામાં આવશે. જેમાં રાજય-કેન્દ્ર સરકારની વિવિધ કૃષિ સહાય યોજનાઓ, ડ્રીપ ઈરીગેશન, આઈ-ખેડૂત પોર્ટલ પર રજીસ્ટ્રેશન, દૂધ સહકારી સંઘ, સ્થાનિક ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી જેવા વિવિધ સ્ટોલ બનાવવામાં આવશે. તે ઉપરાંત ખાનગી કંપનીઓ દ્વારા કૃષિ ઈનપુટ અને ખેત ઓજાર વગેરે વિતરણ માટેના સ્ટોલ હશે. જેમની પાસેથી રૂ. ૧ હજારનુંટોકન ભાડું લેવામાં આવશે. આ સ્ટોલના ભાડાની રકમ ખેતીવાડી અધિકારી દ્વારા ગ્રામ પંચાયતોને કૃષિ લાયબ્રેરીની સગવડ ઉભી કરવા માટે સંબંધિત કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકને જમા કરાવશે. વન વિભાગ દ્વારા આગામી રોપણીની સીઝન ધ્યાને રાખી રોપાઓની નોંધણી અને વિતરણની કામગીરી કરવામાં આવશે. મહેસૂલ વિભાગ મારફતે વારસાઈના પડતર કેસો માટે અરજીઓ મેળવવાના કેમ્પનું પણ આયોજન કરાશે. ડ્રીપ ઈરીગેશન અપનાવેલ ખેડૂતોનું સંમલેન પણ યોજાશે. કૃષિ મહોત્સવના સુચારું આયોજન અર્થે મળેલ બેઠકમાં અધિક નિવાસી કલેકટર વી.જી. કાલરિયા, કૃષિ અધિકારી મહાવીરસિંહ વાઘેલા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.